પરબ - ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં દેના બેંક, સેક્ટર-૧૬ પાસે બેંક દ્વારા ગરમીમાં રાહદારીઓ અને માનવંતા ગ્રાહકોને ગરમીથી રાહત મળે અને માનવતાની દૃષ્ટિએ દેનાબેંક દ્વારા પાણીની પરબનો બનાવવામાં આવી છે.

પાટનગરમાં સ્કુટર ચોરતી ગેંગનો તરખાટ

પાર્કીંગમાં પડેલા જૂના સ્કુટરને નિશાન બનાવીને ઉઠાવી જાય છે : બે મહિનામાં ૧૫ થી વધુ સ્કુટરની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં છેલ્લા બે મહિનાથી એક નવી સક્રીય થયેલી ગેંગે આતંક મચાવ્યો છે. આ ગેંગ માત્ર ને માત્ર જુના સ્કુટરને નિશાન બનાવે છે. ગાંધીનગર કોર્ટ સંકુલ, સે. ૧૬ પાર્કીંગ, એસ.ટી. ડેપો, સે. ૨૧ અને સે. ૨૪ શાકમાર્કેટ તથા સિનેમાગૃહોના પાર્કિંગ સહિતના વિવિધ વિસ્તારમાં પોલીસ દ્વારા આ નવી ગેંગને પકડી પાડવા વોચ ગોઠવી દેવામાં આવી છે. સ્કુટર ચોરતી ગેંગ દ્વારા બે મહિનામાં ૧૫ જેટલા સ્કુટર ચોરી કરવામાં આવ્યા છે.

પાટનગરમાં ઘરફોડ ચોરીઓ કેબલ ચોરી, ભંગાર ચોરી સહિત વાહનચોરી ધીમે ધીમે વધી રહી છે ત્યારે વાહનચોરીમાં પણ ચોરોએ જાણે સ્પેશ્યલાઈઝેશન હાથ ધર્યું હોય તેમ માત્ર સ્કુટર ચોરી કરતી એક ગેંગ સક્રીય થવા પામી છે. જાહેર પાર્કિંગ વિસ્તારમાં નજર રાખીને તક મળતા જ સ્કુટર ઉઠાતરી કરી જતી આ ગેંગ મોટા ભાગે કોર્ટ સંકુલ પાર્કિંગ તથા સિમેનાગૃહ પાર્કિંગ અને માર્કેટ પાર્કિંગને નિશાન બનાવે છે.

નોંધવું રહેશે કે ગાંધીનગર શહેર વિસ્તારમાંથી બે મહિનામાં ૧૫ થી પણ વધુ સ્કુટરો ચોરી થયાની ફરીયાદ ઉઠી છે. સ્કુટર ચોરતી ગેંગને પકડવા માટે ગાંધીનગર પોલીસે વિવિધ જાહેર પાર્કિંગ વિસ્તારો કે જ્યાથી સ્કુટર ચોરી જવાની ફરીયાદો આવી છે તેવા વિસ્તારોમાં ખાનગી વેસમાં વોચ ગોઠવી છે હવે જોવું રહ્યું કે સ્કુટર ચોરતી ગેંગને પકડવામાં ગાંધીનગર પોલીસને સફળતા મળે છે કે પોલીસને થાપ આપવામાં સ્કુટર ચોરતી ગેંગને સફળતા મળે છે...!

ચિલોડા બસ સ્ટેન્ડ પાસેથી દારૂની બોટલો સાથે બે ઝડપાયા

ઉદેપુરના બન્ને શખ્સોના થેલા તપાસના ૩૦ નંગ દારૂની બોટલ મળી આવી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક ચિલોડા બસ સ્ટેન્ડ પાસે મુસાફરના સ્વાંગમાં બે બુટલેગરો વિદેશી દારૂની બોટલો સાથે ઉભા હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે ચેકીંગ કરીને ૩૦ બોટલ દારૂ સાથે બન્ને બુટલેગરોની ધરપકડ કરી લીધી છે. રૂ. ૧૩,૮૦૦ ની કિંમતના દારૂ સાથે ઝડપાઈ ગયેલા બન્ને શખ્સો કોને ડીલીવરી આપવા આવતા હતા અને ક્યાંથી માલ લાવ્યા હતા તે સહિતની વિગતો બહાર લાવવા પુછપરછ શરૂ કરી છે.

ચિલોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.સી. ગોહીલ તથા તેમની ટીમે બાતમીને આધારે ચિલોડા બસ સ્ટેન્ડ પાસે ચેકીંગ કરીને મુસાફરના સ્વાંગમાં વિદેશી દારૂની હેરાફેરી કરી રહેલા બે બુટલેગરોની ઝડપી લીધા છે. ઉદેપુર વિસ્તારના બન્ને શખ્સો મુકેશ ભેરાજી મીણા અને વિજય સુરજમલ મીણાની હાથમાં રહેલા થેલાનું ચેકીંગ કરતાં તેમાંથી ૩૦ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૧૩,૮૦૦ના મુદ્દામાલ સાથે બન્ને બુટલેગરોની ધરપકડ કરી લઈને ચિલોડા પોલીસે સઘન પુછપરછ શરૂ કરી છે.

નાગને જોઈ લાઠી નહીં પણ રસ્તો બતાવી જંગલ તરફ વાળ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગ્રામ્ય અને શહેરમાં ખાસ કરીને ઝેરી જીવ જંતુઓ નજરે પડે તો લોકો તેને મારવા લાઠી ઉગામે અથવા અન્ય કોઈ રીતે મારી ભગાડે છે ત્યારે એનાથી એકદમ વિરૂદ્ધની ઘટના ગાંધીનગર તાલુકાના પ્રાંત્યા ગામે નજરે પડી. યુવાનોએ ખરા બપોરે ૪ ફૂટનો નાગ જોયો. નાગને જોઈ બારમાના જમણવારમાં નાસ ભાગ થઈ, પણ વન્યજીવ પ્રેમીજનોએ તેને યોગ્ય રસ્તો આપી જંગલ તરફ મોકલી દીધો હતો.

ગાંધીનગર તાલુકાના પ્રાંત્યા ગામમાં ૧૮મીએ બારમાનો પ્રસંગ હતો. ગામના અગ્રણી ખેડૂત ભરતભાઈ પટેલના પિતાનું બારમું હતું. બપોરે ગ્રામજનો પ્રસંગ નિમિત્તે જમવા બેઠા હતા ત્યારે ગામને અડીને આવેલા ખેતરમાં જમણવાર ચાલતો હતો. ત્યાં ગરમીથી તથા કોલાહલથી અકળાઈ અને ગભરાઈને એક ૪ ફૂટનો નાગ ત્યાં ઘસી આવ્યો. નાગ જોઈને ભાગદોડ મચી ગઈ હતી. નીચે બેસી જમતી સ્ત્રીઓ તરફ આવેલા નાગને જોતાં સૌ જમવાની ડીસો ફેંકી દૂર ભાગવા લાગ્યા યુવાનો હાજર હતા. સાપને મારવા પૂરતાં લાકડાં વગેરે હતું. પણ યુવાનો એક સાથે ત્યાં ઘસી આવ્યા અને તે સાપને મારવાને બદલે સહી સલામત યોગ્ય માર્ગ કરી અને છેક જંગલ જેવા સ્થળે તેને હાંકી આવ્યા. આ રીતે સૌએ બારમાના દિવસે વન્યજીવનું રક્ષણ કર્યું.

આજે બાલા હનુમાનજી મંદિર સે. ૨ ખાતે શિવ મહાપૂજાનું આયોજન

ગાંધીનગર શહેરના સેક્ટર-૨, ખાતે આવેલા બાલા હનુમાનજી મંદિરે આજે શિવપૂજા અને શનિપૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. બાલા હનુમાનજી મંદિરે આજે તા. ૨૫મી મે-૨૦૧૩ના રોજ પૂનમ નિમિત્તે ભાવનાબેન ગોકલાણીના સાનિધ્યમાં આનંદના ગરબા સાથે-સાથે શિવ મહાપૂજા અને શનિદેવની મહાપૂજા સવારે ૭ થી સાંજે ૫ કલાક સુધી કરવામાં આવશે. મહાપૂજામાં ભાવિકભક્તજનોને રેખાબેન નિમાવત દ્વારા ખાસ આમંત્રણ અપાયું છે.

બ્રહ્મ સમાજ દ્વારા ઓઢવ ખાતે સમૂહ લગ્નોત્સવ યોજાશે

અમદાવાદ, તા.૨૪

હિન્દુ ધર્મરક્ષક બ્રહ્મલીન ગૌ ભકત શ્રી શંભુ મહારાજની ૨૫મી પુણ્ય તિથિ નિમિત્તે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ઓઢવ દ્વારા ૧લી જૂને ૨૧મો સમૂહ લગ્નોત્સવ અને યજ્ઞોપવિત સંસ્કાર મહોત્સવ રસરાજ જેકયોટ પાર્ટી પ્લોટ, એસ.પી. રીંગરોડ, ઉદય મારૂતિ શો રૂમ સામે, કઠવાડા, અમદાવાદ ખાતે યોજાશે.

સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના યુવાન યુવક યુવતીઓનો સમૂહ લગ્નોત્સવ ૧લી જૂન ૨૦૧૩ના રોજ યોજાશે. લગ્નોત્સવમાં ૩૨ યુગલો પ્રભુતામાં પગલા માંડશે તથા ૪૯ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવશે. આ પ્રસંગે પ.પૂ. ઘનશ્યામ મહારાજ દીપ પ્રાગટય કરશે તથા આશીર્વચન પ.પૂ. શ્રી દંડી સ્વામી સદાનંદ સરસ્વતી મહારાજ (દ્વારકા) પ.પૂ. ગૌ ભકત શ્રી ચૈતન્ય શંભુ મહારાજ આપશે તથા સમારંભના પ્રમુખ તરીકે જાગૃતિબેન મનીષભાઈ ત્રિવદી અને મનીષભાઈ દિનકરરાય ત્રિવેદી તેમજ મુખ્ય મહેમાન તરીકે નાણા, આરોગ્ય, વાહન વ્યવહારના મંત્રી નિતીનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે. અને નવદંપતિઓ તથા બટુકોને આશીર્વચન પાઠવશે એમ સમાજના પ્રમુખ ભરતભાઈ જાની અને મંત્રી રાજુભાઈ દવેએ સંયુકત યાદીમાં જણાવ્યું છે.

માનવ વિકાસ ક્રેડિટ સોસાયટીની ૨૬મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

માનવ વિકાસ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ. ગાંધીનગર દ્વારા વર્ષ-૨૦૧૨-૨૦૧૩ની છઠ્ઠી વાર્ષિક સાધારણ સભા આવતીકાલે તા. ૨૬મી મે-૨૦૧૩ને રવિવારે સવારે ૯ કલાકે સોસાયટીની રજિ. ઓફિસ પ્લોટ નં. ૧૭૫૭/૨, સેક્ટર-૨-ડી, ગાંધીનગર ખાતે યોજાશે. સર્વેસભાસદોને સમયસર હાજર રહેવા સોસાયટીના મેનેજિંગ ડિરેક્ટર કનુભાઈ પરમારે જણાવ્યું છે.

હિંમતનગર ખાતે સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટનો સન્માન સમારંભ

ગાંધીનગર, તા. ૨૪

દેનાબેંકની પ્લેટીનમ જયુબિલી ઉજવણીના ભાગરૂપે સમગ્ર ભારતમાં ઠેર ઠેર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર રીજીઓનલ કચેરી દ્વારા તા. ૨૬મી મે ના રોજ હિંમતનગર ખાતે સમાજની વિશિષ્ટ પ્રતિભાના સન્માન સમારંભ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટનું સન્માન કરવામાં આવશે.

રમેશભાઈ ભૂપતકરનું જૈફવયે અવસાન

ગુજરાત વિધાનસભાના નિવૃત્ત ચીફ રિપોર્ટર શ્રી રમેશભાઈ ભૂપતકરનું આજે જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. સ્વ. ભૂપતકર તેમના પરિવારમાં એક દિકરો અને દિકરી તથા પત્નીને વિલાપ કરતા મુકી ગયા છે.

અત્યંત મિલનસાર સ્વભાવ ધરાવતા શ્રી ભૂપતકર વિધાનસભામાં ચીફ રિપોર્ટર તરીકે સેવાઓ આપી ચુક્યા છે. આજે તેમની નીકળેલી અંતિમયાત્રામાં વિધાનસભાના કર્મચારીઓ, જી.ઈ.બી.ના કર્મચારીઓ તેમજ કર્મચારી આગેવાનો અનેસમાજના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

પાર્કિંગના રૂ. ૭ બચાવવા જતા સવા સો બાઈકચાલકો ૫૦માં દંડાયા

ત્રણ દિવસમાં એસ.ટી.ડેપો અને સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડના પે પાર્કિંગ બહાર આડેધડ પાર્ક કરેલા સવા સો થી વધુ બાઈક ડીટેઈન : વાહન ચોરી અટકાવવા પોલીસની સઘન કામગીરી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના વાહનચાલકો પે-પાર્કિંગના સામાન્ય રૂપિયા બચાવવા માટે પાર્કિંગ બહારની ખુલ્લી જગ્યામાં પોતાના કિંમતી વાહનો આડેધડ રેઢા મુકીને ચાલ્યા જતા હોય છે. જેને કારણે વાહનચોરોને ફાવતુ જડી ગયું છે. આવા વિસ્તારોને ટાર્ગેટ બનાવીને વાહનચોરો સરળતાથી વાહનના લોક તોડીને ચોરી કરી જતાં હોય છે. વાહન ચોરીના બનાવો અટકાવવા માટે પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે અને આવા પે પાર્કિંગ બહાર બિનવારસી આડેધડ પાર્ક થયેલા વાહનોને ડીટેઈન કરવાની કામગીરી શરૂ કરી દીધી છે. ત્રણ દિવસમાં એસ.ટી. ડેપો અને સિવિલ હોસ્પિટલ વિસ્તારમાંથી પોલીસે સવા સો થી વધુ બાઈકો ડીટેઈન કરીને તમામ બાઈક ચાલકોને રૂ. ૫૦નો દંડ ફટકાર્યો છે.

ગાંધીનગર એસ.ટી.ડેપો અને સિવિલ હોસ્પિટલ સંકુલમાં પે-પાર્કીંગની વ્યવસ્થા હોવા છતાં તેની બહાર જ આડેધડ વાહન રીઢુ પાર્ક કરીને વાહનચાલકો પોતાના કામે લાગી જાય છે અને પોતાની જ બેદરકારી વ્યક્ત કરે છે. આવા આડેધડ પાર્ક થયેલા વાહનોને જ વાહનચોરો નિશાન જલ્દી બનાવી જાય છે અને રૂ. ૭ પાર્કિંગ કરવા માટે બચાવવા જતાં કિંમતી બાઈકો ખોવાના વારા આવે છે.

જો કે આમ ન થાય તે માટે પોલીસે આડેધડ પાર્કિંગ ન થવા દેવા ટોઈંગ વાન ફરતી કરી મુકી છે અને પે-પાર્કિંગની બહાર પાર્ક થયેલા તમામ વાહનો ઉઠાવી લેવાની કામગીરી હાથ ધરી છે. ત્રણ દિવસમાં ગાંધીનગર ડેપો અને સિવિલ હોસ્પિટલ સંકુલમાંથી આવા સવા સો થી વધુ બાઈકો સેક્ટર-૭ પોલીસે ડીટેઈન કરીને કડક કાર્યવાહી કરી છે. રૂ. ૭ પે-પાર્કિંગના બચાવવા ગયેલા સવાસો બાઈકચાલકોએ રૂ. ૫૦ની પાવતી પકડવાનો વારો આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા પહેલીથી ભરતી મેળો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ૨૭મી મે થી ૧લી જૂન સુધી રોજગાર વાંચ્છુકો માટે જુદી જુદી જગ્યાએ ઔદ્યોગિક રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

રોજગાર અધિકારી એસ.ઓ. અમીને એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જિલ્લાની તમામ જી.આઈ.ડી.સી., આઈ.ટી.આઈ. અને જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૭મી મે ના રોજ બપોરે ૧૨ કલાકે પ્લોટ બી, ૨૩/૨/૧ અને ૨, જી.આઈ.ડી.સી. ગેઝીયાની ઓફીસ સેક્ટર-૨૫, ગાંધીનગર ખાતે તથા ૨૮મી મે ના રોજ પ્લોટ નં. બી-૫૦૬/૧/૧, જી.આી.ડી.સી. (ગેસા)ની ઓફીસ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે ભરતી મેળો યોજાશે. ૨૯મીએ ફેસીલીટી સેન્ટર, પાણીની ટાંકી પાસે, જી.આઈ.ડી.સી. માણસા, જિ. ગાંધીનગર તથા ૩૦મી મે ના રોજ જી.આઈ.ડી.સી. એસોસિએશન, કેન્ટીન કંપાઉન્ડ, વર્ધમાન હાઈસ્કૂલની પાછળ, દહેગામ જિ. ગાંધીનગર ખાતે તથા ૩૧મી મે ના રોજ પ્રિયા એવન્યુ, ફેઝ-૧, એસીયન ઝીલની બાજુમાં, જી.આઈ.ડી.સી., છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર ખાતે અને ૧લી જૂને એસોસિએશન હોલ, પ્લોટ નં. ૬૫/૬૬, કલોલ નાગરિક સહકારી બેંક કંપાઉન્ડ, જી.આઈ.ડી.સી., કલોલ, જિ. ગાંધીનગર ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો યોજાશે.

ચિલોડા એપ્રોચ રોડ પર આવેલી બે દુકાનોના રાત્રે તાળા તુટ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ખાતે એપ્રોચ રોડ પર સ્થિત શોપીંગ પૈકી બે દુકાનોને ગઈકાલે તસ્કરોએ ટાર્ગેટ બનાવીને ઘરફોડ ચોરી કરી હતી. એક કરીયાણાની દુકાન અને બીજી શાકભાજીની દુકાનના તાળા તોડી બન્ને દુકાનોમાંથી મળીને આશરે ૧૯ હજારની મત્તા ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. જો કે આ સંદર્ભે પોલીસને જાણ કરવામાં આવી હોવા છતાં ફરીયાદ નોંધાવા પામી નથી.

ચિલોડા એપ્રોચ રોડ પર આવેલી ગૌતમ કિરાણા સ્ટોર નામની કરીયાણાની દુકાનનું મધરાતે ત્રાટકેલા તસ્કરોએ તાળુ તોડીને દુકાનમાંથી પરચુરણ તથા રોકડની ચોરી કરી ગયા હતા. દુકાન માલિક વિનુભાઈ શાહના જણાવ્યા પ્રમાણે તેમની દુકાનમાંથી રૂ. ૪ હજાર રોકડા તથા ચાંદીના સિક્કા અને ભેટમાં આપવા માટે ખરીદીને દુકાને મુકેલી સોનાની વીંટી મળીને અંદાજે રૂ. ૧૮ હજારની મત્તા ચોરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. તે ઉપરાંત થોડે જ દૂર આવેલી આકાશ વેજીટેબલ નામની શાકભાજીની દુકાનને તસ્કરોએ નિશાન બનાવી હતી. દુકાનનું તાળુ તોડીને અંદરથી રોકડા રૂ. ૧૩૦૦ ચોરીને તસ્કરો ભાગી ગયા હોવાનું દુકાન માલીક પરબતભાઈ રાવળે જણાવ્યું હતું. બન્ને દુકાનમાલીકોએ પોલીસને આ ઘરફોડ અંગે જાણ કરી હતી પરંતુ હજુ સુધી આ સંદર્ભે પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.



ગાંધીનગરમાં ઠેર ઠેર ઘાસચારો મેળવવા પશુઓ ખુલ્લેઆમ ઘુમી રહ્યા છે.... ગરમીમાં ઘાસ સુકાઈ ગયું છે... શહેરમાં વસતા પશુપાલકો દિવસે ઘાસચારો ચરવા પશુઓને ખુલ્લા છોડી દે છે... આ પશુઓ મનપા દ્વારા મુકવામાં આવેલી કચરા પેટીમાંથી કચરો ખાઈ રહી છે.... (તસવીર : દિપક જાની)

નાગરિક બેંકના પૂર્વ ચેરમેન રમેશભાઈ અમીનને બેંક પરિવાર દ્વારા ભાવભીની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નાગરિક કો.ઓ.

બેંકના પૂર્વ ચેરમેન અને નગરના અગ્રણી કોન્ટ્રાકટર રમેશભાઈ ભાઈલાલભાઈ અમીનના અવસાનથી નગરના સહકારી ક્ષેત્રમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક દ્વારા સદગતની સેવાઓની નોંધ લઈ બેંક પરિવારે તેમને ભાવભીની અંજલિ આપી હતી. નાગરિક કો.ઓ. બેંકના ચેરમેન અશોકભાઈ વકીલ અને મે. ડીરેકટર ઘનશ્યામભાઈ પટેલે સદગત સાથેના સંસ્મરણો યાદ કરી બેંકના વિકાસ માટે તેમના યોગદાનને નોંધપાત્ર ગણાવ્યું હતું. ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કોંગ્રેસ અગ્રણી નીશીથભાઈ વ્યાસ અને પૂર્વ ડિરેકટર કૃષ્ણકાંત જહાએ સદ્‌ગત રમેશભાઈ અમીનને સહકારી ક્ષેત્રના અદના સૈનિક ગણાવી ભાવપૂર્વક અંજલિ આપી હતી. સદ્‌ગતનું બેસણું તા. ૨૬-૫-૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ વાગે તેમના વતન મણુંદ તા. પાટણ ખાતે રાખેલ છે.

કલોલ તાલુકા મથકનો ૨૭મીનો નોંધણી કેમ્પ રદ કરાયો

ગાંધીનગર, તા.૨૪

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના રોજગાર અધિકારી એસ.ઓ. અમીને એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ૨૭મી મે ના રોજ સ્વામી વિવેકાનંદ રોજગાર ભરતી મેળાનું આયોજન કરેલું હોવાથી કચેરીનો તમામ સ્ટાફ તે કામગીરીમાં રોકાયેલો હોવાથી ૨૭મીએ કલોલ તાલુકા મથકનો નોંધણી કેમ્પ રદ કરવામાં આવ્યો છે જેની તમામ રોજગાર વાંચ્છુકોએ નોંધ લેવી.

આજે આર્ટ ઓફ લીવીંગ દ્વારા ભજન કીર્તન કાર્યક્રમ યોજાશે

આર્ટ ઓફ લીવીંગ પરિવાર ગાંધીનગર અલગ અલગ સ્થળે સત્સંગ યોજે છે. જે અન્વયે આજે તા. ૨૫મી મે ૨૦૧૩ના રોજ રાત્રે ૮.૩૦ થી ૧૦ સુધી જાહેર ભજન કીર્તનનો કાર્યક્રમ રંગમંચ, મહારાણા પ્રતાપ હાઈસ્કૂલ પાસે, સેકટર-૨૭, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં સર્વે નગરજનોને પધારવા આર્ટ ઓફ લીવીંગ પરિવારે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪

સૂર્યાસ્ત : ૭.૦૭

તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ડૉરેમોન (હિન્દી) : ૯.૪૫, ૨.૦૦, ૬.૧૫

ઈસકયુ ઈન પેરીસ : ૧૨.૦૦, ૪.૧૫, ૧૧.૦૦

હમ હૈ રેહી કાર કે : ૮.૩૦

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૦૦

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૧.૧૫

આશિકી-૨ : ૨.૦૦, ૭.૩૦

ઔરંગજેબ : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૯.૦૦, ૫.૦૦, ૧૦.૧૫

ઔરંગજેબ : ૧૨.૦૦

ગો ગોઆ ગોને : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

સૂર્યા, વાવોલ

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ઈશ્ક ઈન પેરીસ : ૧૦.૦૦, ૩.૦૦

જિંદગી ૫૦-૫૦ : ૧૨.૩૦, ૫.૩૦

આશિકી- ૨ : ૭.૧૫, ૧૦.૦૦

વિરાગ, કલોલ

રફતાર કા ઝનૂન - ૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

વૃષભ : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

મિથુન : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

કર્ક : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ, મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

સિંહ : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

કન્યા : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

તુલા : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

વૃશ્ચિક : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

મકર : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

મીન : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. મંગાજી જીણાજી ઠાકોર (ઉ.વ. ૯૦) મુ.પો. સોનીપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નંદુબેન ભવાનજી બિહોલા (ઉ.વ. ૬૫) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.